હાજરી પત્રક છીનવી લેવાતા કર્મચારીઓ બેરોજગાર

સયાજીબાગ ઝૂમાં અધિકારીઓની 'મનમાની', 10 મિનિટ મોડા પડતા રોજમદારો માટે દરવાજા બંધ

'ન્યાય નહીં મળે તો આંદોલન'ની ચીમકી સાથે હોબાળો

(પ્રતિનિધિ) વડોદરા. તા.9

વડોદરાના સયાજીબાગ પ્રાણીસંગ્રહાલયમાં આજે વહેલી સવારે ભારે ગરમાવો જોવા મળ્યો હતો. ઝૂ વિભાગમાં ફરજ બજાવતા રોજમદાર કર્મચારીઓને ફરજ પરથી અચાનક જ અટકાવી દેવામાં આવતા અને ગેટ બંધ કરી દેવાતા મોટો વિવાદ સર્જાયો છે. અધિકારીઓની કથિત મનમાની અને શાસન પદ્ધતિ સામે રોષે ભરાયેલા કર્મચારીઓએ તંત્ર સામે મોરચો માંડ્યો છે.

મળતી માહિતી મુજબ, સયાજીબાગ ઝૂ વિભાગમાં માનવદિન તરીકે ફરજ બજાવતા રોજમદાર કર્મચારીઓ આજે સવારે રોજિંદા ક્રમ મુજબ નોકરી પર આવ્યા હતા. કર્મચારીઓનો આક્ષેપ છે કે સવારે 8:10 કલાકે જ્યારે તેઓ ગેટ પર પહોંચ્યા ત્યારે ગેટને તાળું મારી દેવામાં આવ્યું હતું. કર્મચારીઓને અંદર પ્રવેશવા દેવાને બદલે "તમારી હાજરી પૂરાશે નહીં, ઘરે જતા રહો" તેમ કહી અપમાનિત કરવામાં આવ્યા હતા. કર્મચારીને જ્યારે પૂછ્યું કે કોણ અધિકારીઓ છે તો તેઓએ જણાવ્યું હતું કે પાટણકર, માનવ મહેતા, અને ધવલ બારોટ અમને હેરાન કરી રહ્યા છે. એમના માણસો મોડા આવે તો ચાલે પણ અમે મોડા આવીએ તો ગેટ બંધ કરીને અમને હાજરી પણ પુરવા નથી દેતા.

શ્રમિકોએ જણાવતા કહ્યું હતું કે, સંયુક્ત પરિવારમાં રહેતા હોવાને કારણે અને વાહન વ્યવહારની મુશ્કેલીઓને લીધે ક્યારેક 5-10 મિનિટ જેવું મોડું થઈ શકે છે. અગાઉ સવારે 8:20 સુધી હાજરી પૂરવા દેવામાં આવતી હતી, પરંતુ હવે અચાનક કડક વલણ અપનાવીને ગરીબ શ્રમિકોને બેરોજગાર કરાઈ રહ્યા છે. કર્મચારીઓએ આક્ષેપ કર્યો છે કે આ માત્ર સમયપાલનનો મુદ્દો નથી, પરંતુ ગરીબ વર્ગનું શોષણ કરવાની માનસિકતા છે.

ઝૂ વિભાગના ગેટ પાસે જ કર્મચારીઓએ એકત્ર થઈને વિરોધ પ્રદર્શન કર્યું હતું. કોઈપણ કારણ વગર કર્મચારીઓને છુટા કરવાની પ્રક્રિયા તાત્કાલિક બંધ થાય. જો આગામી સમયમાં વડોદરા મહાનગર પાલિકાના સત્તાધીશો દ્વારા આ મામલે સકારાત્મક ઉકેલ લાવવામાં નહીં આવે, તો આ આંદોલન વધુ ઉગ્ર બનશે અને પાલિકા કચેરીએ ધરણા કરવાની ચીમકી પણ કર્મચારીઓએ આપી છે. હવે જોવાનું એ રહે છે કે મ્યુનિસિપલ કમિશનર આ મામલે મધ્યસ્થી કરી શ્રમિકોના હિતમાં શું નિર્ણય લે છે.

ઔદ્યોગિક ક્ષેત્રો માટે LPGની ફાળવણી લંબાવવાનો કેન્દ્રનો નિર્ણય

(પ્રતિનિધિ) વડોદરા તા.9

પેટ્રોલિયમ અને કુદરતી ગેસ મંત્રાલય દ્વારા બદલાતી વૈશ્વિક પુરવઠા પરિસ્થિતિ વચ્ચે મુખ્ય ઔદ્યોગિક ક્ષેત્રોને એલપીજીનો સતત અને સ્થિર પુરવઠો જળવાઈ રહે તે માટે મહત્વપૂર્ણ નિર્ણય લેવામાં આવ્યો છે. મંત્રાલયે ફાર્મા, ફૂડ પ્રોસેસિંગ, પોલીમર, કૃષિ, પૅકેજિંગ, પેઇન્ટ, સ્ટીલ, મેટલ, સિરામિક, ગ્લાસ, એરોસોલ, ફાઉન્ડ્રી, ફોર્જિંગ, હેવી વોટર, યુરેનિયમ અને સીડ ક્ષેત્રોને માર્ચ ૨૦૨૬ પહેલાંના વપરાશના ૭૦ ટકા સુધી એલપીજી ફાળવણી ચાલુ રાખવાનો આદેશ આપ્યો છે.

જેઓ માટે એલપીજી ઉત્પાદન પ્રક્રિયામાં અનિવાર્ય ઈનપુટ છે તેવા ઉદ્યોગોને પ્રાથમિકતા આપવામાં આવશે અને આવા એકમોને પાઈપ્ડ નેચરલ ગેસ માટે અરજી કરવાની ફરજમાંથી રાહત આપવામાં આવી છે. આ પગલાંથી ઔદ્યોગિક કામગીરી પર અસર ન પડે તે સુનિશ્ચિત કરાયું છે.

ટીવાયના પરિણામ ન આવે ત્યાં સુધી પીજીના પ્રવેશ શરૂ નહીં થાય

ચૂંટણીને કારણે પરીક્ષાઓ પાછળ જવાથી હવે પીજી કોર્સના પ્રવેશમાં પણ વિલંબ થશે

જીકાસના માધ્યમથી થતી કાર્યવાહીને અસર થશે, ચોઇસ ફિલિંગ સહિતના સમયમાં કાપ મૂકાશે

(પ્રતિનિધિ) વડોદરા,તા.9

સ્થાનિક સ્વરાજની ચૂંટણીઓને ગુજરાત યુનિવર્સિટી દ્વારા આગામી દિવસોમાં લેવાનારી 150થી વધારે પરીક્ષા પાછળ લઈ જવાની જાહેરાત કરી દેવાઈ છે. છેલ્લા વર્ષની પરીક્ષા પણ પાછળ જવાના કારણે જીકાસના માધ્યમથી થનારી પોસ્ટ ગ્રેજ્યુએશ એટલે કે એમએ, એમકોમ,એમએસસી સહિતના કોર્સમાં પ્રવેશ પ્રક્રિયામાં પણ વિલંબ થાય તેવી સ્થિતિ ઊભી થઈ છે. આ ઉપરાંત ચૂંટણીના કારણે કર્મચારી અધિકારીઓએ વેકેશનમાં પણ કામગીરી કરવી પડે તેવી પરિસ્થિતિ સર્જાઈ છે.

યુનિવર્સિટી દ્વારા જાહેર કરવામાં આવેલા પરીક્ષાના કાર્યક્રમ પ્રમાણે અંદાજે 21મી મેના રોજ તમામ પરીક્ષાઓ પૂર્ણ કરવાની હતી. ચૂંટણીના કારણે નવા જાહેર કરાયેલા શિડ્યુલ પ્રમાણે હવે છેલ્લા તબક્કાની પરીક્ષા 21મી મેથી શરૂ કરવામાં આવશે. 21મીથી શરૂ થનારી પરીક્ષા 10મી જૂન સુધી ચાલશે. પરીક્ષા બાદ ઉત્તરવહી ચકાસણી અને પરિણામ જાહેર કરવામાં અંદાજે એક મહિના જેટલો સમય પસાર થતો હોય છે. આ પ્રમાણે જોઈએ તો 15મી જુલાઈ સુધીમાં છેલ્લા સેમેસ્ટરના પરિણામ આવે તેવી શકયતા છે. રાજ્યની તમામ સરકારી યુનિવર્સિટીઓમાં ચાલતાં પોસ્ટ ગ્રેજ્યુએશન કોર્સમાં પ્રવેશ માટે જીકાસના માધ્યમથી કાર્યવાહી કરવામાં આવે છે. એકપણ યુનિવર્સિટીમાં ત્રીજા વર્ષમાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓનું પરિણામ બાકી હોય ત્યાં સુધી પ્રવેશ પ્રક્રિયા શરૂ થઈ શકતી નથી.

આમ, સરવાળે પોસ્ટ ગ્રેજ્યુએશન આર્ટસ, કોમર્સ અને સાયન્સ સહિતના કોર્સમાં પ્રવેશની કાર્યવાહીમાં વિલંબ થશે. સૂત્રો કહે છે કે, ચૂંટણીના કારણે વિદ્યાર્થીઓને દરવર્ષે ચોઈસ ફિલિંગ સહિતની કાર્યવાહી માટે જે સમય આપવામાં આવે છે તેમાં પણ ઘટાડો કરવો પડશે. ચાલુવર્ષે ત્રણ રાઉન્ડ કરીને બાકીની કાર્યવાહી યુનિવર્સિટીને સોંપી દેવાનો નિર્ણય કરાયો હોવા છતાં મોડી પ્રવેશ કાર્યવાહીના કારણે સરવાળે વિલંબ થાય તેવી સ્થિતિ ઊભી થઈ છે. બીજી બાજુ સમગ્ર મે માસ દરમિયાન કોલેજના કર્મચારીઓ, અધિકારીઓએ પરીક્ષાની કામગીરી કરવી પડશે.

ગઈકાલે જે પક્ષને રામ-રામ કર્યા હતા, આજે ત્યાં જ જઈને સલામ ઠોકી

સોખડામાં રાજકીય 'યુ-ટર્ન': 24 કલાકમાં જ કોંગ્રેસ સાથે 'છેડા ફાડ્યા', કિરણસિંહ રાઠોડ ફરી ભાજપમાં

એક જ દિવસમાં ભાજપ 'ભરોસાપાત્ર' બની ગયું!

(પ્રતિનિધિ) વડોદરા તા.9

ચૂંટણીની મોસમમાં રાજકીય નેતાઓના પક્ષ પલટાનો સિલસિલો તેજ બન્યો છે, ત્યારે વડોદરાના સોખડામાં એક રસપ્રદ કિસ્સો સામે આવ્યો છે. સોખડા જિલ્લા પંચાયતના સભ્ય કિરણસિંહ રાઠોડે માત્ર 24 કલાકના ગાળામાં જ પોતાની રાજકીય દિશા બદલી નાખી છે. ગઈકાલે ભાજપ સામે ગંભીર આક્ષેપો કરી કોંગ્રેસમાં જોડાયેલા કિરણસિંહે આજે ફરી ભાજપમાં જોડાઈને સૌને ચોંકાવી દીધા છે.

બુધવારે કિરણસિંહ રાઠોડે ભાજપમાંથી રાજીનામું આપી કોંગ્રેસનો હાથ પકડ્યો હતો. તે સમયે તેમણે ભાજપ સરકાર પર પ્રહારો કરતા જણાવ્યું હતું કે, "ભાજપ વિકાસના નામે શૂન્ય છે. લોકોનો ભરોસો તૂટ્યો છે અને નેતાઓ માત્ર એસી કેબિનમાં બેસી રહે છે, ગ્રાઉન્ડ પર કોઈ કામ થતું નથી." તેમણે કોંગ્રેસને પોતાનું જૂનું ઘર ગણાવીને 'ઘર વાપસી' કર્યાનો સંતોષ વ્યક્ત કર્યો હતો.

જોકે, કોંગ્રેસમાં જોડાયાના 24 કલાક પણ પૂર્ણ થયા ન હતા ત્યાં જ કિરણસિંહના સૂર બદલાયા હતા. ગુરુવારે તેમણે ફરી કેસરિયો ધારણ કરતા જણાવ્યું હતું કે, "ગઈકાલે કોંગ્રેસમાં જવું એ મારી મોટી ભૂલ હતી. કોંગ્રેસ માત્ર વાયદા કરે છે પણ પૂર્ણ નથી કરતી. મને હવે વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને રાજ્ય સરકારની 'ટ્રિપલ એન્જિન' સરકાર પર પૂરેપૂરો ભરોસો છે."

એક જ દિવસમાં નેતા દ્વારા લેવાયેલા યુ-ટર્નને કારણે સોખડા અને વડોદરાના રાજકીય વર્તુળોમાં ભારે ચર્ચા જાગી છે. કિરણસિંહે ભાજપને ફરીથી વિકાસલક્ષી પક્ષ ગણાવતા કહ્યું કે ભાજપ હંમેશા નાના કાર્યકર્તાઓની ચિંતા કરે છે. આ પક્ષ પલટાને કારણે સોશિયલ મીડિયામાં પણ 'આયારામ-ગયારામ'ના આ કિસ્સાની ભારે મજાક ઉડી રહી છે.

માંજલપુર ખાતે શ્રીમદ્ વલ્લભાચાર્યજીનો 549મો પ્રાગટ્ય ઉત્સવ ઉજવાશે

સર્વ વૈષ્ણવો માટે નિશુલ્ક એકાદશી ભોજન પ્રસાદીની વ્યવસ્થા કરાઈ

(પ્રતિનિધિ) વડોદરા તા.9

વૈષ્ણવાચાર્ય પૂજ્ય શ્રી વ્રજરાજકુમારજી મહારાજશ્રીની અધ્યક્ષતા હેઠળ વડોદરા શહેરના માંજલપુર સ્થિત પંચશીલ ગ્રાઉન્ડ ખાતે શ્રીમદ્ વલ્લભાચાર્યજી મહાપ્રભુજીનો ૫૪૯મો પ્રાગટ્ય ઉત્સવ ભવ્ય અને દિવ્ય રીતે ઉજવવામાં આવશે. આ પ્રસંગે શહેરના વિવિધ વિસ્તારોમાંથી ૧૦ હજારથી વધુ વૈષ્ણવ ભક્તો જોડાશે તેવી અપેક્ષા વ્યક્ત કરવામાં આવી છે.

તા. ૧૩ એપ્રિલે સાંજે ૫:૩૦ વાગ્યે માંજલપુર ખાતે બેન્કર્સ હોસ્પિટલ પાસેથી હાથી, ઘોડા, બેન્ડ-વાજા, ઢોલ-નગારાઓ, ધ્વજ-પતાકા અને ડંકા-નિશાન સાથે ભવ્ય શોભાયાત્રા નીકળશે. જેમાં ૫૦૦થી વધુ બાળકો વિવિધ વેશભૂષામાં જોડાશે તેમજ મોટી સંખ્યામાં યુવાનો, મહિલાઓ અને વડીલો ઉત્સાહપૂર્વક સહભાગી બનશે. પંચશીલ ગ્રાઉન્ડ ખાતે યોજાનારી ઉત્સવસભામાં બાળકો દ્વારા શ્રી મહાપ્રભુજીના દિવ્ય ચરિત્રો આધારિત સાંસ્કૃતિક કાર્યક્રમો રજૂ થશે અને પૂજ્ય શ્રી વ્રજરાજકુમારજી મહારાજશ્રીના મંગલ વચનામૃતનો લાભ મળશે. સર્વ વૈષ્ણવો માટે નિશુલ્ક એકાદશી ભોજન પ્રસાદીની વ્યવસ્થા કરવામાં આવી છે. વ્રજધામ સંકુલ ખાતે સવારે ૮ વાગ્યાથી પ્રથમ વખત બ્રહ્મસંબંધિ વૈષ્ણવોને શ્રી મહાપ્રભુજીના સ્વરૂપને કેસર સ્નાન સેવા કરવાનો દુર્લભ અવસર મળશે. આ ભવ્ય ઉત્સવમાં મોટી સંખ્યામાં વૈષ્ણવ ભક્તોને જોડાવા આયોજકો દ્વારા હાર્દિક આમંત્રણ આપવામાં આવ્યું છે.

તાંદલજાની પરિણીતા પોલીસ સ્ટેશનના દ્વાર ખખડાવ્યા

જો હવે દીકરો નહિ થાય તો તારા પતિના બીજા લગ્ન કરાવી દઈશું તેવી સાસરિયાની ધમકી

દીકરીના જન્મ બાદ પણ પતિ સહિતના સાસરીયા દહેજ માટે શારીરિક માનસિક ત્રાસ ગુજારતા

(પ્રતિનિધિ) વડોદરા, તા. 9

વડોદરા શહેરના તાંદલજા વિસ્તારમાં રહેતી એક પરિણીતાને પતિ તથા સાસરીયાઓ દ્વારા દહેજની માંગણી સાથે શારીરિક અને માનસિક ત્રાસ આપવામાં આવતા સમગ્ર મામલો પોલીસ સુધી પહોંચ્યો છે. દીકરીના જન્મ બાદ પણ સાસરીયાઓએ અસંતોષ વ્યક્ત કરી યુવતી પર દબાણ વધાર્યું હોવાનું સામે આવ્યું છે.

ફરિયાદ મુજબ, તાંદલજાની રહેવાસી મુસ્કાન રંગરેજના લગ્ન 24 જાન્યુઆરી 2022ના રોજ અંકલેશ્વરના યામીન અબ્દુલ લતીફ રંગરેજ સાથે ઈસ્લામિક રીતરિવાજ મુજબ થયા હતા. લગ્નના પ્રથમ ચાર મહિના સુધી બધું સામાન્ય રહ્યું, પરંતુ ત્યારબાદ સાસુ, જેઠાણી અને નણંદ દ્વારા ઘરકામ બાબતે વારંવાર અપમાન અને મેણાં-ટોણાં શરૂ થયા હતા.

યુવતીએ જણાવ્યું છે કે પતિએ પણ તેનો સાથ આપવાને બદલે સાસરીયાઓનો પક્ષ લીધો હતો. વારંવાર દહેજ પેટે પૈસા લાવવા માટે દબાણ કરવામાં આવતું હતું અને તેના કારણે યુવતી માનસિક તણાવમાં રહેતી હતી.

ગર્ભાવસ્થા દરમિયાન પણ સાસરીયાઓ દીકરાની માંગણી કરતા હતા. 9 જાન્યુઆરી 2023ના રોજ દીકરીનો જન્મ થતાં સાસરીયાઓએ ખુશી વ્યક્ત કરવા બદલે અસંતોષ દર્શાવ્યો હતો. "જો દીકરો નહિ થાય તો પતિના બીજા લગ્ન કરાવીશું" જેવી ધમકીઓ પણ આપવામાં આવી હતી. ફરિયાદમાં વધુમાં જણાવાયું છે કે અનેક વખત યુવતી પર શારીરિક હુમલા કરવામાં આવ્યા હતા. એક પ્રસંગે સાસુ, સસરા અને પતિએ મળીને તેને માર માર્યો હતો અને ગળું દબાવી જાનથી મારી નાખવાનો પ્રયાસ કર્યો હતો. પતિ દ્વારા જબરદસ્તી કોઈ દ્રવ્ય પીવડાવ્યાનો પણ આરોપ છે. આ તમામ ઘટનાઓ બાદ યુવતીને ઘરમાંથી કાઢી મુકવામાં આવી હતી. હાલ તે પોતાના માતા-પિતાના ઘરે રહે છે, જ્યારે તેની દીકરી સાસરીયાઓ પાસે હોવાનું જણાવાયું છે. આ મામલે યુવતીએ અગાઉ જે.પી. રોડ પોલીસ સ્ટેશનમાં અરજી આપી હતી અને કાઉન્સેલિંગ પણ થયું હતું, પરંતુ કોઈ સમાધાન ન થતા હવે તેણે પતિ સહિત સાસરીયાઓ વિરુદ્ધ કડક કાર્યવાહી કરવા એફ આઈ આર નોંધાવી છે.

ખોરાક અને ઔષધ નિયમન તંત્રની કડક કાર્યવાહી

નશાકારક દવાઓના ગેરકાયદે વેચાણ કરનાર શીવાલી મેડિસિન્સનો પરવાનો રદ

(પ્રતિનિધિ) વડોદરા તા.9

જાહેર આરોગ્યના હિતમાં અને નશાકારક દવાઓના દુરુપયોગને રોકવા માટે ખોરાક અને ઔષધ નિયમન તંત્ર, વડોદરા દ્વારા નવાયાર્ડ, ઓલ્ડ છાણી રોડ સ્થિત મે. શીવાલી મેડિસિન્સ સામે કડક કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. વારંવાર કાયદાના ઉલ્લંઘનના બનાવો સામે આવતા અંતે પેઢીના પરવાના તાત્કાલિક અસરથી કાયમી ધોરણે રદ કરવામાં આવ્યા છે.

અગાઉ પણ નવેમ્બર-૨૦૧૯ દરમિયાન ક્રાઈમ બ્રાંચ અને ઔષધ નિરીક્ષકની સંયુક્ત તપાસમાં કોડીન ફોસ્ફેટ ધરાવતી નશાકારક દવાઓ બિલ અને પ્રિસ્ક્રિપ્શન વિના વેચાતી ઝડપાતા ૩૦ દિવસ માટે પરવાનો સ્થગિત કરાયો હતો. ત્યારબાદ નવેમ્બર-૨૦૨૧માં નાઈટ્રાઝેપામ, અલ્પ્રાઝોલમ અને ક્લોનાઝેપામ જેવી શેડ્યૂલ-એચ દવાઓના હિસાબોમાં ગેરરીતિ અને ફાર્માસિસ્ટની ગેરહાજરી સામે આવતા ફરી ૭ દિવસ માટે પરવાનો સ્થગિત કરવામાં આવ્યો હતો.

વર્ષ ૨૦૨૬ દરમિયાન એસ.ઓ.જી. પોલીસ વડોદરાની તપાસમાં ફરી આ પેઢીની સંડોવણી સામે આવી હતી. તા. ૨૯-૦૧-૨૦૨૬ના રોજ કરાયેલી તપાસ દરમિયાન ફાર્માસિસ્ટની ગેરહાજરીમાં અને ડોક્ટરના માન્ય પ્રિસ્ક્રિપ્શન વિના પીબી-રેક્સ કફ સિરપનું વેચાણ થતું હોવાનું જાણવા મળ્યું હતું. ઉપરાંત પીબી-રેક્સ અને બેસ્કોડેક્સ સહિત કુલ ૬ પ્રકારની કોડીન યુક્ત કફ સિરપ નશાના બંધાણીઓને બિલ વિના વેચાતી હોવાનો ખુલાસો થયો હતો.

પરવાનેદારને તા. ૧૭-૦૨-૨૦૨૬ના રોજ કારણદર્શક નોટિસ પાઠવવામાં આવી હતી, પરંતુ રજૂ કરાયેલ ખુલાસો અસંતોષકારક જણાતા તંત્રએ કડક નિર્ણય લીધો હતો. તંત્ર દ્વારા જાહેર કરવામાં આવ્યું છે કે કોડીન યુક્ત કફ સિરપનો નશા તરીકે ઉપયોગ થવાથી ગંભીર સ્વાસ્થ્ય સમસ્યાઓ ઊભી થઈ શકે છે. વધુ માત્રામાં સેવનથી ડિપ્રેશન, શ્વાસ લેવામાં તકલીફ, કોમા જેવી સ્થિતિ તેમજ હૃદયની ગતિ ધીમી પડવાની શક્યતા રહે છે, જે જીવલેણ સાબિત થઈ શકે છે. વારંવાર ડ્રગ્સ એન્ડ કોસ્મેટિક્સ અધિનિયમ-૧૯૪૦ના નિયમોનું ઉલ્લંઘન થતા જાહેર હિતમાં પેઢીનો છૂટક વેચાણ પરવાનો કાયમી રદ કરવામાં આવ્યો છે. ખોરાક અને ઔષધ નિયમન તંત્રએ તમામ મેડિકલ સ્ટોર અને ફાર્માસિસ્ટોને કાયદાકીય મર્યાદામાં રહી વ્યવસાય કરવાની કડક સૂચના આપી છે તેમજ નશાકારક દવાઓના ગેરકાયદેસર વેચાણ અંગે માહિતી આપવા નાગરિકોને અપીલ કરી છે, જેથી યુવાધન અને જાહેર આરોગ્યને જોખમમાં મૂકતા તત્વો સામે કાર્યવાહી થઈ શકે.

અનંત અંબાણીએ પોતાના 31મા જન્મદિને 31 સેવાકીય પહેલો હાથ ધરી

12 હજાર વિદ્યાર્થીઓને ટ્રેક્સૂટનું વિતરણ કરાશે

(પ્રતિનિધિ) વડોદરા તા.9

રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડના એક્ઝિક્યુટિવ ડિરેક્ટર અનંત અંબાણીએ પોતાના ૩૧મા જન્મદિન નિમિત્તે ધાર્મિક, શૈક્ષણિક, આરોગ્ય અને સામાજિક ક્ષેત્રોને આવરી લેતી ૩૧ સેવાકીય પહેલો હાથ ધરી આશરે ૫૭ લાખથી વધુ લોકોના જીવનને સ્પર્શવાનો પ્રયાસ કર્યો છે.

ગુજરાતના દ્વારકા, સોમનાથ, અંબાજી અને સાળંગપુર જેવા મુખ્ય યાત્રાધામોમાં યાત્રાળુઓ માટે માળખાકીય સુવિધાઓ વિકસાવવામાં આવશે. દ્વારકામાં બહુમાળી યાત્રી ભવન તેમજ વરિષ્ઠ નાગરિકો અને દિવ્યાંગ ભક્તોની સુવિધા માટે એસ્કેલેટર સ્થાપિત કરાશે. અંબાજી અને સોમનાથ ખાતે એક વર્ષ સુધી ભોજન પ્રસાદી સેવા દ્વારા લાખો યાત્રાળુઓને લાભ મળશે.

જામનગરની ગુરુ ગોવિંદસિંહ હોસ્પિટલમાં દર્દીઓને એક વર્ષ સુધી નિઃશુલ્ક ભોજન તથા નેત્રરોગ નિદાન કેમ્પો યોજાશે. શિક્ષણ ક્ષેત્રે સિક્કા અને ડેરા છીકારી ગામોમાં શાળા મકાનોનું નિર્માણ અને ૧૨ હજાર વિદ્યાર્થીઓને ટ્રેકસૂટનું વિતરણ કરાશે.

ગ્રામીણ વિકાસ અંતર્ગત સમુદાય ભવનો, સ્મશાનગૃહો અને ગૌશાળાનું નિર્માણ કરવામાં આવશે. ઉપરાંત ૩૧ હજાર મહિલાઓને સાડી તથા હજારો લોકોને મીઠાઈ વિતરણ જેવી સેવાકીય પ્રવૃત્તિઓ દ્વારા ઉજવણીને સર્વસમાવેશી બનાવવામાં આવી છે.

આજે વર્લ્ડ મેમણ ડે, વિવિધ કાર્યક્રમો સાથે વડોદરામાં ઉજવણી

(પ્રતિનિધિ) વડોદરા તા.9

સમગ્ર વિશ્વમાં ૧૦ એપ્રિલના રોજ વર્લ્ડ મેમણ ડેની ઉજવણી કરવામાં આવી રહી છે. તે નિમિત્તે વડોદરા શહેરમાં પણ મેમણ જમાત ફેડરેશન દ્વારા વિવિધ સેવાકીય કાર્યક્રમો સાથે ઉજવણી યોજાનાર છે. મેમણ સમાજના વિકાસ અને જરૂરિયાતમંદોને સહાયરૂપ થવા સંસ્થા સતત કાર્યરત રહી છે.

ફેડરેશનના પ્રમુખ ઈકબાલભાઈ ઓફિસરની આગેવાની હેઠળ જરૂરિયાતમંદ વેપારીઓને બિનવ્યાજે રૂપિયા ૨ લાખ સુધીની લોન, મકાન સહાય, વિધવા મહિલાઓને આર્થિક સહાય તેમજ તાત્કાલિક આરોગ્ય સહાયરૂપે હોસ્પિટલમાં ચેક દ્વારા સહાય આપવામાં આવે છે. ઉપરાંત સમૂહ લગ્ન માટે પણ સહાય પૂરી પાડવામાં આવે છે. મેમણ જમાત દ્વારા માત્ર મેમણ સમાજ જ નહીં પરંતુ અન્ય સમાજના જરૂરિયાતમંદ લોકોને પણ નાત-જાતના ભેદભાવ વિના સહાય કરવામાં આવે છે.

ગણેશ સુગરની કસ્ટોડિયન કમિટી બદલાઈ, હવે 9 સભ્યો સંભાળશે ધુરા

(પ્રતિનિધિ) ભરૂચ,તા.9

તાજેતરમાં રાજ્યના ખાંડતંત્ર નિયામક દ્વારા ભરૂચ જિલ્લા આવેલ ગણેશ સુગરમાં નવા કસ્ટોડીયન કમિટીની નિમણુંક કરવામાં આવી છે.જેમાં આ વખતે અગાઉના બે અને નવા સાત કસ્ટોડીયન કમિટીમાં સમાવેશ કરતા ગુરુવારે ધુરા સંભાળી હતી.જેમાં અગાઉના મહેન્દ્રસિંહ મહીડા સહીત નવા વાલિયા APMCનાં ચેરમેન યોગેન્દ્રસિંહ મહીડાનો સમાવેશ થતા પહેલા દિવસથી આગામી વર્ષના પીલાણ માટે પ્લાનિંગ કરવા માંડ્યા છે.

ગત તા-21મી માર્ચના રોજ અગાઉનાં કસ્ટોડીયન કમિટીની મુદત પૂરી થતા નવા કસ્ટોડીયન કમિટી માટે સમાવેશ કરવાનું નક્કી કરાયું હતું.જેમાં આખી ઓપ આપીને ખાંડ નિયામક સુનીલકુમાર ચૌધરીએ સભાસદોના હિતોને ધ્યાનમાં લઈને નવી કસ્ટોડીયન કમિટીની નિમણુંક લેખિતમાં હુકમ કર્યો હતો.જેમાં અગાઉના મહેન્દ્રસિંહ હરિસિંહ મહીડા-દેશાડ સહીત (વર્ષો સુધી નર્મદા સુગરમાં ડીરેક્ટર રહેલા અને હાલમાં વાલિયા APMCના ચેરમેન) યોગેન્દ્રસિંહ જશવંતસિંહ મહીડા-સોડગામ, જીતેન્દ્રસિંહ રામસિંહ જાદવ - કંટવા, નિપુલભાઈ ઠાકોરભાઈ પટેલ - દિવા, હેતલભાઈ રમણભાઈ પટેલ - કવિઠા,ધર્મેન્દ્રસિંહ ભગવંતસિંહ પરમાર - તવરા, મુકેશભાઈ કરશનભાઈ પટેલ - હાંસોટ, ચંદ્રસિંહ (ચંદનભાઈ) શિવાભાઈ વસાવા - પથ્થરિયા,મહેન્દ્રભાઈ મોતીભાઈ વસાવા - ઝરણાવડી તેમજ જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, ભરૂચની નિમણુંક કરવામાં આવી છે.

ગુરુવારે પહેલી વખત સુગરના બોર્ડ રૂમમાં મળ્યા હતા.જેમાં ખાસ કરીને સુગર ફેક્ટરીને આગામી દિવસમાં સંસ્થા અને શેરડી ઉત્પાદક સભાસદોના હિતમાં નિર્ણય લેવા માટે જરૂરી પ્લાનિંગ કરી રહ્યા છે.

અટલાદરા સ્થિત સ્વામિનારાયણ મંદિરમાં ભાવિનલાલજી મહારાજ સહિત સંતોનું સન્માન

(પ્રતિનિધિ) વડોદરા તા.9

સનાતન સંસ્કૃતિમાં સંત મિલનને વિશેષ મહત્વ આપવામાં આવે છે. તે અનુસંધાને પ્રખ્યાત યુવા ભાગવત કથાકાર અને યુવાઓના પથદર્શક એવા પૂજ્ય ભાવિનલાલજી મહારાજશ્રી, જૂનાગઢ સ્થિત લાલ ગેબી આશ્રમના મહંત પૂજ્ય ભરત બાપુ તથા હાથીજણવાળા પૂજ્ય સંત ગોવિંદ બાપુ આજે વડોદરાની મુલાકાતે આવ્યા હતા. આ દરમિયાન તેઓશ્રીએ અટલાદરા સ્થિત બી.એ.પી.એસ. શ્રી સ્વામિનારાયણ મંદિરની મુલાકાત લીધી હતી.

તૈત્તિરીય ઉપનિષદની પ્રસિદ્ધ શાંતિ પ્રાર્થના "ૐ સહનાવવતુ સહનો ભુનક્તુ"ને ચરિતાર્થ કરતાં સંતોએ મંદિર ખાતે આરતીમાં સહભાગી બની આધ્યાત્મિક એકતા અને સૌહાર્દનો સંદેશ આપ્યો હતો. ત્યારબાદ પૂજ્ય ડૉ. જ્ઞાનવત્સલ સ્વામીજીએ સંતોનું હાર પહેરાવી તેમજ શાલ અર્પણ કરીને મંદિર તરફથી સન્માન કર્યું હતું. આ પ્રસંગે સંતસમાગમથી ભક્તોમાં વિશેષ આનંદ અને ભક્તિભાવનું પાવન વાતાવરણ સર્જાયું હતું.

હરણીમાં રૂ. 2.40 કરોડના ખર્ચે યોગ સેન્ટર અને ઈ-લાઈબ્રેરી બનશે

(પ્રતિનિધિ) વડોદરા તા.9

વડોદરા શહેરના નાગરિકોની શારીરિક, માનસિક અને આધ્યાત્મિક સુખાકારીમાં વધારો કરવાના હેતુથી વડોદરા મહાનગરપાલિકા દ્વારા એક મહત્વપૂર્ણ પ્રોજેક્ટ હાથ ધરવામાં આવ્યો છે. હરણી સ્કલ્પચર પાર્ક ખાતે મહાનગરપાલિકા દ્વારા અંદાજે રૂ. 2.40 કરોડના ખર્ચે ભવ્ય યોગ સેન્ટર અને લાઈબ્રેરીનું નિર્માણ કરવામાં આવી રહ્યું છે.

આ પ્રોજેક્ટ 'સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના' અંતર્ગત સાકાર કરવામાં આવી રહ્યો છે, જેનું કામ હાલ પ્રગતિ હેઠળ છે. સમગ્ર સંકુલ આશરે 450 ચોરસ મીટરના પ્લોટ એરિયામાં તૈયાર થઈ રહ્યું છે. 200 ચોરસ મીટરના વિસ્તારમાં ખાસ યોગ સેન્ટર બનાવવામાં આવશે. આ હોલની ક્ષમતા 50 વ્યક્તિઓની હશે અને તેને પૂરતા હવા-ઉજાસ મળી રહે તે મુજબ કુદરતી વાતાવરણમાં ડિઝાઈન કરવામાં આવ્યો છે.

સ્વચ્છ ભારત મિશન 2.0, વડોદરા શહેરની દીવાલો આર્ટ ગેલેરીમાં ફેરવાઈ

31,000 ચો. ફૂટથી વધુ વિસ્તારમાં વોલ પેઈન્ટિંગ



(પ્રતિનિધિ) વડોદરા. તા.9

વડોદરા મહાનગરપાલિકા દ્વારા શહેરના દ્રશ્ય સૌંદર્યમાં વધારો કરવા અને નાગરિકોમાં સ્વચ્છતા અંગે જાગૃતિ લાવવા માટે વ્યાપક સ્તરે 'બ્યુટીફીકેશન' કામગીરી હાથ ધરવામાં આવી છે. સ્વચ્છ ભારત મિશન 2.0 અને નિર્મળ ગુજરાત 2.0 અભિયાનના ભાગરૂપે શહેરના ચારેય ઝોનમાં અત્યાર સુધીમાં આશરે 31,617 ચોરસ ફૂટ વિસ્તારમાં આકર્ષક અને સંદેશાત્મક વોલ પેઈન્ટિંગ કરવામાં આવ્યું છે.

મ્યુનિસિપલ કમિશનર અને ડેપ્યુટી મ્યુનિસિપલ કમિશનરના માર્ગદર્શન હેઠળ સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ શાખા દ્વારા વિવિધ વોર્ડમાં કામગીરી પૂર્ણ કરવામાં આવી છે. જેમાં પૂર્વ ઝોનમાં સૌથી વધુ 21,175 ચોરસ ફૂટમાં પેઈન્ટિંગ કરવામાં આવ્યું છે. જેમાં પરમાનંદ કોમ્પ્લેક્ષ (વાઘોડિયા), ફતેહપુરા, કમલા નગર, માધવપુરા અને ગોત્રી જેવા વિસ્તારોનો સમાવેશ થાય છે. દક્ષિણ ઝોનમાં વોર્ડ નં. 17, 18 અને 19માં મળીને 3,625 ચોરસ ફૂટ વિસ્તારમાં કામગીરી થઈ છે. માંજલપુર, મકરપુરા GIDC અને વડીલ વિહાર ગાર્ડન જેવા સ્થળોને સુશોભિત કરાયા છે. પશ્ચિમ ઝોનમાં સુભાનપુરા, દિવાળીપુરા અને અક્ષર કોમ્પ્લેક્ષ સહિતના વિસ્તારોમાં 4,133 ચોરસ ફૂટમાં બ્યુટીફીકેશન પૂર્ણ થયું છે. ઉત્તર ઝોનમાં કારેલીબાગ, મેઘદૂત સોસાયટી અને નીલાંબર ટાઉનશિપ જેવા વિસ્તારોમાં 2,685 ચોરસ ફૂટમાં વોલ આર્ટ તૈયાર કરાયું છે.

આચાર્ય જગતગુરુ શ્રીમદ વલ્લભાચાર્યજીનો 549મો પ્રાગટ્ય મહોત્સવ 13 એપ્રિલે ઉજવાશે

(પ્રતિનિધિ) વડોદરા તા.9

સનાતન વૈદિક ધર્મના મહાન આચાર્ય જગતગુરુ શ્રીમદ વલ્લભાચાર્યજી મહાપ્રભુજીનો ૫૪૯મો પ્રાગટ્ય મહોત્સવ ચૈત્ર વદ એકાદશી, તા. ૧૩/૦૪/૨૦૨૬, સોમવારના રોજ ભાવભેર ઉજવાશે. આ અવસરે કારેલીબાગ સ્થિત શ્રી ગોવર્ધનનાથજી હવેલી ખાતે વિવિધ ધાર્મિક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે.

શ્રીમદ વલ્લભાચાર્યજીએ લગભગ ૫૦૦ વર્ષ પહેલાં સનાતન વૈદિક ધર્મમાં અદભૂત આધ્યાત્મિક ક્રાંતિ સર્જી હતી. તેમણે શાસ્ત્રોના પ્રમાણ સાથે વિશ્વને સંદેશ આપ્યો હતો કે ભગવાનની ભક્તિ કરવાનો અધિકાર માત્ર ચોક્કસ વર્ગ સુધી મર્યાદિત નથી, પરંતુ સ્ત્રી, શૂદ્ર તેમજ પ્રાણીમાત્રને પણ સમાન રીતે પ્રાપ્ત છે. તેમણે યજ્ઞમાં પશુબલિનો વિરોધ કરીને ભગવાન પ્રત્યે સ્નેહ, સેવા અને સમર્પણનો દિવ્ય સિદ્ધાંત પ્રસ્થાપિત કર્યો હતો. ઉપરાંત તેમણે સાકાર બ્રહ્મવાદનો વેદાંતમાં મહત્ત્વપૂર્ણ સિદ્ધાંત રજૂ કર્યો હતો. ધર્મપ્રચાર માટે તેમણે ત્રણ વખત ખુલ્લા ચરણેથી સમગ્ર ભારતની પરિક્રમા પણ કરી હતી.



આ મંગલ મહોત્સવના અધ્યક્ષ તરીકે અનંત શ્રી વિભૂષિત વાક્પતિ પીઠાધીશ્વર ગોસ્વામી ૧૦૮ શ્રી મથુરેશજી મહારાજશ્રી ઉપસ્થિત રહેશે. તેમજ વૈષ્ણવાચાર્ય પૂજ્યપાદ ગોસ્વામી ૧૦૮ શ્રી યોગેશ્વરજી મહોદયશ્રી અને મહોત્સવના પ્રેરક તથા માર્ગદર્શક વૈષ્ણવાચાર્ય પૂજ્યપાદ ગોસ્વામી ૧૦૮ શ્રી દ્રુમિલકુમારજી મહોદયશ્રીની વિશેષ ઉપસ્થિતિ રહેશે.

કાર્યક્રમ મુજબ બપોરે ૧૨:૧૫ વાગ્યે શ્રી મહાપ્રભુજીના ઉત્સવ તિલક દર્શન (રાજભોગ) યોજાશે. સાંજે ૬ વાગ્યે સંધ્યા આરતી બાદ શ્રીમદ વલ્લભાચાર્યજીની દિવ્ય અને ભવ્ય શોભાયાત્રા બેન્ડવાજા, ડંકા, નિશાન, છત્ર, ચમર તથા ધ્વજા-પતાકા સાથે ગૌરવપૂર્ણ રીતે શ્રી ગોવર્ધનનાથજી હવેલી કારેલીબાગથી પ્રસ્થાન કરશે. શોભાયાત્રા રાજમાર્ગ પરથી ફરી સ્વામિનારાયણ ગ્રાઉન્ડ ખાતે પહોંચશે, જ્યાં યોજાનારી દિવ્ય ધર્મસભામાં વલ્લભકુલ આચાર્યશ્રીઓના વચનામૃતનો લાભ મળશે. વચનામૃત પછી સર્વે ભાવિકો માટે એકાદશી ભોજનની વ્યવસ્થા રાખવામાં આવી છે. ત્યારબાદ રાત્રે ૯:૩૦ વાગ્યે શ્રી નાગદમન શ્રીનાથજી પ્રભુના દિવ્ય ભવ્ય મનોરથના દર્શનનો લાભ શ્રી ગોવર્ધનનાથજી હવેલી ખાતે મળશે. આ પવિત્ર પ્રસંગે મોટી સંખ્યામાં વૈષ્ણવ ભક્તોને શોભાયાત્રા તથા કાર્યક્રમોમાં જોડાવા માટે આયોજકો દ્વારા ભાવભીની અપીલ કરવામાં આવી છે.